Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)

Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year: 6, Issue:166 Dt.26-04-2021 (Monday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-360001

**મદ્રાસ હાઇકોર્ટ લાલઘુમ**

# ચૂંટણીપંચના અધિકારીઓ સામે હત્યાનો ગુનો નોંધવો જોઇએ

## દેશમાં કોરોના સંક્રમણ માટે ચૂંટણી પંચ દોષિત, પંચના અધિકારીઓએ ઘોર બેદરકારી બતાવી

**હાઇકોર્ટનો તીખો સવાલ-શું એ વખતે અધિકારીઓ અન્ય ગ્રહ ઉપર ગયા હતા?**

**ચૂંટણીઓમાં સભા અને રેલીઓ છૂટથી થવા દીધી, કોવિડ નિયમોનું પાલન કરાવ્યું નહીં**



(એજન્સી સમાચાર)

ચેનાઇ, તા.૨૬

દેશભરમાં બેકાબુ બની ગયેલા કોરોના મહામારીના સંક્રમણ બદલ સીધુ ચૂંટણી પંચને દોષીત ઠરાવતા મદ્રાશ હાઇકોર્ટે કાળઝાળ થઇને એવી ટકોર કરી હતી કે, કોરોના મહામારીમાં પણ ખુબ જ બેજવાબદાર વર્તન કરવા બદલ ચૂંટણી પંચના અધિકારીઓ પર હત્યાનો ગુન્હો દાખલ કરવો જોઇએ. આજે જે કાંઇ પરિસ્થિતિ જોવા મળી રહી છે એ માટે માત્ર ચૂંટણી પંચ જવાબદાર છે.

હાઇકોર્ટના વડા ન્યાયમુર્તી સંજીવ બેનર્જી અને જસ્ટીશ સેનથીલ કુમારે પંચની ઝાટકણી કાઢતા જણાવ્યું હતું કે, તમે તમારી સત્તાનો કોઇ જ ઉપયોગ કર્યો નથી. અદાલતે કોવિડ પ્રોટોકોલ જાળવવા માટે વારંવાર આદેશો આપ્યા છતાં ચૂંટણી પંચે રાજકીય પક્ષોની રેલીઓ અટકાવી નથી. જન આરોગ્ય એ સર્વાધીક મહત્વનું છે પણ બધારણીય સંસ્થા તરીકે તમને આજે આ યાદ કરાવવું પડે છે એ ઘણુ કમનશીબ છે અને નિરાસાજનક છે. હાઇકોર્ટે ચૂંટણી પંચના બે અધિકારીઓને બોલાવી એવો સણસણતો સવાલ કર્યો હતો કે, શું એ સમયે તમે અન્ય ગ્રહો પર ચાલ્યા ગયા હતા. રાજકીયપક્ષો સભા અને રેલીઓ કરી રહયા હતા ત્યારે શું તમે પૃથ્વી ગ્રહ પર ન હોતા. દેશમાં કોવિડની આજની હાલત માટે એક માત્ર ચૂંટણી પંચ જવાબદાર છે. ચૂંટણી પંચના અધિકારીઓ પર હત્યાનો ગુન્હો નોંધીને કામ ચલાવવું જોઇએ. હાઇકોર્ટના આવા આકરા વલણથી ચૂંટણી પંચ અને સરકારમાં ખળભળાટ મચી ગયો છે.

# ગરીબ દેશના ભાગેડુ ધનપતીઓની અમાનવીય લીલા

## દેશમાં હજારો મોત થઇ રહયા છે, ધનાઢયો દુબઇ અને માલદીવમાં મજા માણે છે, દરિયા કાંઠેથી બેશરમ બનીને તસ્વીરો મોકલતા નટ-નટીયો પર દેશભરમાં ફિટકાર

(એજન્સી સમાચાર)

મુંબઇ, તા.૨૬

જે દેશની ગરીબ અને મધ્યમવર્ગી પ્રજા પોતાની પરસેવાની કમાણીમાંથી મોટી રકમ ખર્ચીને દર શુક્રવારે બોકસ ઓફિસ છલકાવી દે છે અને પોતાના પ્રીય હિરો હિરોઇનના બેંક બેલેન્સમાં તગડો વધારો કરતી રહે છે. એ બધાને પોતાના ચાહકોની કેટલી અને કેવી ચિંતા છે એ તમાશો આજે આખો દેશ નિહાળી રહયો છે. આ દેશના માલેતુજાર લોકો અને સમ્રુધ્ધ હિરો અને હિરોઇન તથા ટોચના સુપર સ્ટારોના સંતાનો કોવિડથી બચવા માટે દેશ છોડીને પલાયન કરી રહયા છે. પોતાના કે બીજાના ખાનગી જેટ વિમાનોમાં બેસીને અને યુએઇ સહિતની એરલાઇન્સના વિમાન પકડીને આ ધનીક વર્ગ દેશની પીડાની પરવાહ કર્યા વીના વેકેશન માનવા દેશની બહાર ભાગી રહયો છે. કોઇ દુબઇ પહોંચી રહયા છે તો કોઇ માલદીવના દરીયા કાંઠે અર્ધનગ્ન અવસ્થામાં પડયા પડયા બેશર્મી ભરી તસ્વીરો મોકલી રહયા છે. દેશમાં ઓક્સિજન વિના લોકો તરફડીને મરી રહયાના બનાવો બની રહયા છે ત્યારે આ સંવેદના વગરનો આ વર્ગ દરીયા કાંઠે રેતીમાં આળોટી રહયો છે. અનેક હિરોઇની બીકીની પહેરેલી અર્ધનગ્ન તસ્વીરો દેશમાં મોકલીને શું કહેવા કે સુચવવા માંગે છે? દેશભરમાં આ વર્ગ પર ચારે તરફથી ફીટકાર વર્ષી રહયો છે. યુએઇથી ભારત જતી તમામ ફલાઇટ ફુલ થઇને જાય છે. જો કે યુએઇ સરકારે રવિવારથી તમામ ફલાઇટો બંધ કરી દીધી છે. પરંતુ એ પહેલાતો અનેક ધનીક ભારતીયો અને ફિલ્મ જગતના નામી અનામી અભીનેતા અને અભીનેત્રીઓ દુબઇની આગોસમાં પહોંચી ચુકયા છે. ગઇકાલે ફલાઇટ બંધ થયા એ પહેલા મુંબઇથી ૧૨ ફલાઇટ દુબઇ પહોંચી હતી.

દરમ્યાન બ્રીટન અને કેનેડાએ ભારતથી આવતી ફલાઇટો પર રોક લગાવી દીધી છે આથી કેનેડા જતા આવતા સેંકડો ભારતીય વિદ્યાર્થીઓ રઝળી પડયા છે. ગુજરાતના અનેક વિદ્યાર્થીઓ કેનેડામાં અભ્યાસ કરી રહયા છે.

# વિશ્વભરમાંથી ભારતને સહાયનો ધોધ

## ૩ લાખ ૫૪ હજાર નવા કેસ, વિશ્વનો પહેલો દેશ બનતો ભારત, ૨૪ કલાકમાં ૨૮૧૨ દર્દીઓના મૃત્યુ, કુલ સવા ત્રણ કરોડ સંક્રમીત

**વેક્સિન માટે તાકિદે કાચો માલ મોકલવા અંતે અમેરીકા તૈયાર, કેનેડા, ઇયુ અને ઇરાન દ્વારા પણ મદદની ઓફર**

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨૬

છેલ્લા ૨૪ કલાકમાં ૩ લાખ ૫૪ હજાર ૫૩૧ નવા કોરોના કેસ નોંધાતા એક નવો વિક્રમ ભારતના નામે ચડયો છે. વિશ્વનો એવો પહેલો દેશ ભારત બન્યો છે જયાં ૨૪ કલાકમાં સાડાત્રણ લાખથી વધુ કેસો નોંધાયા હોય. છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૨૮૧૨ દર્દીઓએ જાન ગુમાવ્યો છે. કોરોનાની સુનામી અટકવાનું નામ લઇ રહી નથી. દેશમાં કુલ કેસોની સંખ્યા ૧ કરોડ ૭૩ લાખ અને ૬ હજારથી વધુ થઇ ગઇ છે અને કોરોના કેસોની દ્રષ્ટિએ ભારત અમેરીકા બાદ બીજા ક્રમે આવી ગયું છે. દરમ્યાન અમેરીકા સહિતના અનેક દેશોએ ભારતને મદદ મોકલવાની તૈયારી બતાવી છે.

અમેરીકી પ્રમુખ જો બાઇડનને જાહેર કર્યુ હતું કે, વેક્સિન માટેનો કાચો માલ તાકિદના ધોરણે ભારતને મોકલવામાં આવશે. એ જ રીતે કેનેડા, યુરોપીય સંઘ અને ઇરાન જેવા દેશોએ પણ ભારતને કોવિડ માટે મદદ કરવાની તૈયારી બતાવી છે. વિશ્વ આરોગ્ય સંસ્થા ઇંઇંઘ વડા ટેન્ડ્રોસે ભારતમાં વધતા જતા કેસો અને મૃત્યુ આંકમાં ઉછાળા અંગે ઘેરી ચિંતા વ્યકત કરી છે.

દેશમાં કોરોનાથી કુલ મૃત્યુ આંક વધીને ૧,૯૫,૦૦૦ થઇ ગયો છે. કુલ ૧ કરોડ ૭૩ લાખ કેસો નોંધાયા છે. ૩ લાખથી ઉપર કેસો સતત પાંચમાં દિવસે નોંધાયા છે. અમેરીકાની સાથે સાથે હવે વિશ્વમાંથી મદદની વણઝાર શરૂ થઇ છે. બ્રિટન, ફ્રાંસ અને જર્મનીએ

(અનુ.પાના નં.૪ ઉપર)

# ગુજરાતમાં ૧૮ વર્ષથી ઉપરના તમામને મફત વેક્સિન

## રાજય સરકારની કોર કમિટીને બેઠકમાં મુખ્યમંત્રી રૂપાણીનો નિર્ણય, દોઢ કરોડ વેક્સિન ડોઝ સરકારે મંગાવ્યા, સૌરાષ્ટ્રમાં ૨૪ કલાકમાં ૨૦૫નાં મોત, રાજકોટમાં ૬૨ દર્દીઓનાં મૃત્યુ, વડોદરામાં હોમઆઇસોલેટ દર્દીઓને ઓક્સિજન ન આપવાના નિર્ણયથી દેકારો



**અમદાવાદમાં હેરસલુન બંધ કરવા મનપાનો આદેશ**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૬

ગુજરાતમાં કોરોના સંક્રમણને અટકાવવા માટે ગુજરાત સરકારે મહત્વનો નિર્ણય લઇ ૧૮ વર્ષથી ઉપરની વયના તમામને મફત કોરોના વેક્સિન આપવાની જાહેરાત કરી છે. ગઇકાલે કોર કમિટીની બેઠક બાદ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ જાહેર કર્યુ હતું કે, ૧૮થી ઉપરની વયના તમામને સરકાર મફત વેક્સિન આપશે. ૧૮+ લાભાર્થીઓનું વેક્સિનેશન ૧લી મેથી શરૂ થઇ રહયું છે.

દરમ્યાન સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં કોરોનાએ રાબેતા મુજબ હાહાકાર મચાવવાનું ચાલુ રાખ્યું છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન રાજકોટમાં ૬૨ દર્દીઓએ સારવાર દરમ્યાન અંતિમ શ્વાસ લઇ લીધા હતા. સૌરાષ્ટ્રમાં ૨૫૨૮ કેસો એક દિવસમાં નોંધાયા હતા અને ૨૦૫ દર્દીઓ મૃત્યુને ભેટયા હતા. જામનગરમાં પણ બેકાબુ કોરોનાએ વધુ ૯૫ દર્દીઓના જીવન ખુચવી લીધા હતા. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૨૯૬ કેસો નોંધાયા હતા અને વધુ ૧૫૭ દર્દીઓના મૃત્યુ થયાનું નોંધાયુ હતું. રાજકોટની જેમ જામનગરમાં હવે ખાનગી કોવિડ હોસ્પિટલોમાં ઓક્સિજનનો જથ્થો પુરો થવાની તૈયારીમાં છે. રાજયમાં અત્યારે કોવિડ દર્દીઓ માટે અત્યારે દૈનિક ૨૫૦ ટન ઓક્સિજનની માંગ સામે ૨૨૦ ટન જેટલો પુરવઠો મળી રહયો છે. પરીણામે ઓક્સિજનની અછત સર્જાઇ રહી છે.

દરમ્યાન વધુને વધુ વિસ્તારોમાં લોકો સ્વૈચ્છાએ લોકડાઉન જાહેર કરી રહયા છે. કોરોના કેસોની ચેઇન તોડવા સુરેન્દ્રનગરમાં ૫ દિવસનું સ્વૈચ્છીક લોકડાઉન જાહેર કરાયું છે. જયારે જૂનાગઢ જિલ્લાના માળીયાહાટીના પાસેના અમરાપુર ગામમાં કોરોનાથી વધુ ૩ મૃત્યુ થઇ જતા ગામમાં લોકડાઉન વધુ એક સપ્તાહ લંબાવવામાં આવ્યું છે.

જયારે ગુજરાતમાં કોરોના સારવાર કરતા ડોકટરોની અછત ન સર્જાય એ માટે તમામ બોન્ડેડ તબીબોને આવતીકાલે હાજર થઇ જવા રાજયના આરોગ્ય કમિશન

(અનુ.પાના નં.૪ ઉપર)

# પૂર્વ પીએમ મનમોહનના સુંદર સુચનોને રાજકીય રંગ અપાયો

## મોદી સરકારની ઝાટકણી કાઢતા ખુદ નાણામંત્રી નિર્મલાના પતિ પી.પ્રભાકર, દેશની પ્રજા હેરાન છે અને સરકાર અખબારી મથાણામાં ચમકવાના પ્રયાસો કરે છે



(એજન્સી સમાચાર)

નવી દિલ્હી તા.૨૬

નાણા મંત્રી નિર્મલા સીતારમણા પતિ અને અર્થશાસ્ત્રી પરકલા પ્રભાકરે કોરોના સંકટને લઈને મોદી સરકાર પર નારાજગી વ્યકત કરી અને મન મુકીને ટીકા કરી. અર્થશાસ્ત્રી પરકલા પ્રભાકરે કહ્યું કે સરકાર લોકોના મદદ કરવાની જગ્યાએ હેડલાઈન મેનેજમેન્ટ અને પોતાની પીઠ થાપડવામાં લાગેલી છે. તેમણે પોતાના યુટ્યૂબ ચેનલ પર એક કાર્યક્રમ દરમિયાન આ કહ્યુ હતુ. તેમણે પૂર્વ પીએમ ડો. મનમોહન સિંહના વખાણ કરતા કહ્યુ કે તેમની સલાહ રચનાત્મક હતા. પરંતુ તેના પર કેન્દ્રીય મંત્રીએ બહુ અસભ્ય પ્રતિક્રિયા આપી અને તેને રાજકારણનો રંગ આપવાનો પ્રયાસ કર્યો હતો.

તેમણે કહ્યુ કે ભારતમાં કોરોના સંક્રમણ દુનિયામાં સૌથી ઝડપથી વધી રહ્યું છે. મોત રેકોર્ડ કોડી રહી છે. આ સ્વાસ્થ્ય ઈમરજન્સીની સ્થિતિ છે. કેન્દ્ર સરકારની તૈયારી અને તેમની જવાબદેહીને પરખવાનો સમય છે. તેમને પોતાના લોકોના મોત પીડાદાયક લાગે છે અને બીજાના મોતના માત્ર આંકડા બતાવી દે છે.

પ્રભાકરે કહ્યુ કે આ સંકટના કારણે લોકોની નોકરીઓ જઈ રહી છે. સારવાર કરાવવામાં જમા રકમ પણ ખતમ થઈ રહી છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

# હરીયાણામાં ઓક્સિજન વિના ગુંગળાઇ જતી ૪ જીંદગી

## મૃતકોના પરિજનોએ ચક્કાજામ કર્યા, તબીબો-અધિકારીઓને બેફામ અપશબ્દો

**ચારેય કોવિડ વોર્ડમાં સારવાર હેઠળ હતા, તપાસના આદેશો**

(એજન્સી સમાચાર)

ચંદીગઢ, તા.૨૬

હરીયાણાના રહેવાડી વિસ્તારમાં આવેલી કોવિડ હોસ્પિટલના આઇસીયુ વોર્ડમાં ચાર દર્દીઓ ઓક્સિજન વગર તરફડીને મૃતયુ પામ્યા હોવાની ઘટના બની હતી. ગુસ્સે ભરાયેલા પરિજનોએ હોસ્પિટલની બહાર રસ્તા પર નાકાબંધી કરી દીધી હતી. સરકાર, વહીવટી તંત્રના અધિકારીઓ અને તબીબો પર અપશબ્દોનો મારો ચલાવ્યો હતો.

આ ઘટના બાદ તુરત જ પોલીસનો કાફલો ધસી ગયો હતો અને પરિસ્થિતિ કાબુમાં લીધી હતી. આ ખાનગી હોસ્પિટલમાં ૫૦ જેટલા કોવિડ દર્દીઓ સારવાર હેઠળ હતા. રવિવારે સવારે ઓક્સિજનનો પુરવઠો ખુટી પડયો હતો. હોસ્પિટલ તંત્ર દ્વારા તાકિદની મદદ માંગવામાં આવી હતી બાદમાં જાહેર કરાયું હતું કે, ઓક્સિજનના અભાવે ૪ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. બાદમાં સોમવારે વહેલી સવારે ઓક્સિજનનો પુરવઠો પુરો પાડવામાં આવ્યો હતો. હરીયાણામાં અત્યારે ૪૬ હજાર કોરોના દર્દીઓ હોમઆઇસોલેટ થયેલા છે.

(અનુ.પાના નં.૪ ઉપર)





**માર્કેટીંગ માટે છોકરા તેમજ છોકરી જોઇએ છે**
**મો.૯૪૦૯૭ ૫૭૦૬૨**





અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



**સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર કલીક કરીને સબસ્કાઈબ કરો**

**http://www.saurashtrakranti.com/subscribe/**

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

# શ્રધ્ધાજંલિ / બેસણું

| જાહેર ખબર પ્રકાર | આવૃતિ | સાઈઝ | ભાવ |
|---|---|---|---|
| બેસણું/શ્રધ્ધાજંલિ | રાજકોટ | 5x2 | 200 |

5% GST

જાહેરાત માટે સંપર્ક કરો: 90333 44426

125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટયુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL SAURASHTRA KRANTI

@saurashtrakranti/ | saurashtrakrant

SAURASHTRAKRANTI | SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઇડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો: 90333 44426




**આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.**

# લહરો કો સાહિલ કી દરકાર નહીં હોતી, હોસલા બુલંદ હો તો કોઈ દિવાર નહીં હોતી
# જલતે હુએ ચિરાગને આંધીયો સે યે કહા, ઉજાલા દેને વાલો કી કભી હાર નહીં હોતી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ.તા.૨૪

, શહેરમાં મેડિકલ અંધાધૂંધી ઊભી થઈ છે. રાજકોટની ચૌધરી હાઇસ્કૂલમાં એમ્બ્યુલન્સની લાંબી લાઇન લાગી છે. દર્દીઓ પોતાનો વારો ક્યારે આવશે એ માટે એમ્બ્યુલન્સમાં જ તેમજ રિક્ષા કે કારમાં ઓક્સિજનના બાટલા સાથે સારવાર લઇ રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે પરિવારજનોએ પણ પોતાના સ્વજનને બચાવવા માટે કોરોનાનો ડર છોડી દીધો હોય એવાં દશ્યો જોવા મળ્યાં હતાં.આજની પરિસ્થિતિઓ જોઈએ, તો આ સેવાઓ સામાન્ય કહી શકાય તેવી નથી. તેમને પોતાને પણ ચેપ લાગવાની પુરેપુરી ભીતિ રહેલી છે. તેમ છતાં તેઓ પોતાનું કર્તવ્ય નિભાવી રહ્યા છે. અન્ય લોકોની સેવા કરી રહ્યા છે. તેઓ રાષ્ટ્ર રક્ષકની જેમ જ કોરોના મહામારી અને આપણી વચ્ચે ઉભેલા છે. દેશ તેમના પ્રત્યે કૃતજ્ઞ છે. આપણે અત્યારે આપણું સંપૂર્ણ સામર્થ્ય કોરોનાથી બચવામાં લગાવવાનું છે. આજે દેશમાં કેન્દ્ર સરકાર હોય, રાજ્ય સરકારો હોય, સ્થાનિક એકમો હોય, પંચાયતો હોય, જનપ્રતિનિધિ હોય કે પછી સિવિલ સોસાયટી, દરેક વ્યક્તિ પોત પોતાની રીતે આ વૈશ્વિક મહામારીથી બચવા માટે પોતાનું યોગદાન આપી રહ્યા છે. તમારે પણ તમારું સંપૂર્ણ યોગદાન આપવાનું છે.

એ જરૂરી છે કે વૈશ્વિક મહામારીના આ વાતાવરણમાં માનવ જાતિ વિજયી બને, ભારત વિજય બનશે.આ પ્રકારની વૈશ્વિક મહામારીમાં, એક જ મંત્ર કામ કરે છે- આપણે સ્વસ્થ તો જગત સ્વસ્થ. તો આપણું પોતાનું સ્વસ્થ રહેવું એ ખૂબ જરૂરી છે. આ બીમારીથી બચવા માટે અને પોતાની જાતને સ્વસ્થ રાખવા માટે જરૂરી છે સંયમ. અને સંયમની રીત કઈ છે - ભીડભાડથી દૂર રહેવું, ઘરથી બહાર નીકળવાનું ટાળવું. અને આ સમય આપણી વચ્ચેથી વયો પણ જશે તેથી હિંમત રાખીએ અને કોરોના સામેની લડાઇમાં વિજયી મેળવીએ.આપણે આ સંકટથી બચેલા છીએ, બધું સારું છે. વૈશ્વિક મહામારી કોરોનાથી નિશ્ચિંત થઇ જવા માટેની આ વિચારધારા સાચી નથી. એટલા માટે, પ્રત્યેક ભારતવાસીએ સજાગ રહેવું, સતર્ક રહેવું ખૂબ જરૂરી છે.રસ્તાઓ ઉપર આવતા જતા રહેશો અને કોરોનાથી બચીને પણ રહેશો, તો આ વિચારધારા બરાબર નથી.

# મન અને મગજથી 55 પોઝિટિવ દર્દીએ કોરોનાને નેગેટિવ બનાવ્યો

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કોવિડ કેર સેન્ટરમાં ૧૦ દિવસમાં ૪ વર્ષની બાળાથી લઇને ૬૦ વર્ષના વૃદ્ધાએ પણ કોરોનાને મહાત આપી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ.તા.૨૬

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ચાલતા કોવિડ કેર સેન્ટરમાં દર્દીઓને ઓટો સજેશન, ઓટો રિલેક્સેશન, સુજોક થેરાપી, હીલિંગ, મંત્રોચ્ચાર, સંગીત અને યોગ, કસરત, લાફિંગ થેરાપીની ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. દર્દીને રોજ સ્મરણ કરાવાય છે કે, હું અત્યારે સ્વસ્થ છું, અને ધીમે ધીમે સ્વસ્થ થતો જાઉ છું. હું મારા પરિવારને સ્વસ્થ કરતો જાઉં છું. દરેક અવાજ મને શાંત અને સ્વસ્થ રાખે છે. મારામાં ખૂબ જ હિંમત છે. આ હિંમતથી હું કોરોનાને હરાવી શકું છું. સૂર્યનો પ્રકાશ મારી રોગપ્રતિકારક શક્તિ મજબૂત કરે છે. વાતાવરણ અને હવા મને પવિત્રતાનો અનુભવ કરાવે છે. મારા પરિવારને દરેક સમયે હું બચાવી શકું છું. આજના સમયમાં કોઇ વ્યક્તિનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવે તો તે ડરી જાય છે. તે મન અને માનસિક રીતે પડી ભાંગે છે. ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કોવિડ કેર સેન્ટરમાં ૪ વર્ષની દીકરીથી લઇને ૬૦ વર્ષના વૃદ્ધા કે જે કોવિડ પોઝિટિવ હતા આમ છતાં મન અને મગજથી હિંમત રાખી પોઝિટિવ રહીને કોરોનાને નેગેટિવ બનાવ્યો છે. અહીં ચાલતા કોવિડ કેર સેન્ટરમાં દર્દીઓને ડોક્ટરની સારવાર ઉપરાંત સુજોક થેરાપી, હીલિંગ, મંત્રોચ્ચાર, સંગીત અને યોગ, કસરતની ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. આ ટ્રીટમેન્ટથી ૧૦ દિવસમાં ૫૫ દર્દીઓ સાજા થયા છે. કોરોના પોઝિટિવ દર્દી ઝડપથી સાજા થાય તે માટે મનોવિજ્ઞાન ભવનના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ



માનસિક સધિયારો આપી રહ્યા છે. નકારાત્મક વિચારોથી દૂર રહેવા માટે દર્દીઓ પઝલ્સ સોલ્વ કરે છે.

દર્દીઓને જે ઓટોસજેશન અને રિલેક્સેશન ટેક્નિકથી દરેક અંગને આદેશ આપવામાં આવે છે. જેનાથી હકારાત્મક ભાવ ઉત્પન્ન થાય છે. આ ભાવથી દર્દી ઝડપથી સાજા થાય છે. મનમાં ખોટો ભય રાખવાને બદલે હકારાત્મક વિચારસરણી રાખવામાં આવે તો તેને બીમારીમાં રિકવરી ઝડપથી થઇ જાય.

# સૌરાષ્ટ્રના ઉદ્યોગપતિઓ - સંસ્થાનો નિર્ણય:૧૦ દિવસમાં રાજકોટની સ્કૂલમાં ૨૦૦ બેડની હોસ્પિટલ ખૂલશે

## દર્દીઓને સારવાર સહિત દવા તથા જમવાનું ફ્રી મળશેઃ ઈમરજન્સી પ્રમાણે દર્દીઓને સારવાર માટે હેરાન નહીં થવુ પડે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ.તા.૨૬

કોરોનાની મહામારીમાં દર્દીઓને હોસ્પિટલમાં બેડ મળી રહ્યાં નથી ત્યારે આ સ્થિતિમાં દર્દી નારાયણની સેવા કરવા માટે સૌરાષ્ટ્રનાં ઉદ્યોગપતિઓ, શૈક્ષણિક સંસ્થા અને એનજીઓ સંયુક્ત કુટુંબ તરીકે દશ દિવસમાં રાજકોટમાં ૨૦૦ બેડનું કોવિડ કેર સેન્ટર શરૂ કરવા જઇ રહ્યાં છે, જેમાં દર્દીઓને સારવાર, દવા અને જમવા સહિતની સુવિધા વિનામૂલ્યે મળશે.

રાજકોટની એસએનકે સ્કૂલના સંચાલક કિરણભાઇ ભાલોડિયા અને અમરભાઇ ભાલોડિયાએ મીડીયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે રાજકોટના રોલેક્સ, જ્યોતિ સીએનસી, એસએનકે, મોરબીના ઓરબિટ અને અન્ય સંસ્થાઓ મળી પ્રવર્તમાન સ્થિતિમાં દર્દીઓને મુશ્કેલી પડે નહીં એ માટે રોલેક્સ એસએનકે કોવિડ સેન્ટર શરૂ કરી રહ્યા છે. એસએનકે સ્કૂલમાં શરૂ થનારા આ સેન્ટરમાં શરૂઆતમાં ૨૦૦ બેડ હશે, ઇમર્જન્સીના આધારે દર્દીને પ્રવેશ આપવામાં આવશે, દર્દીને આ સેન્ટરમાં સારવાર, દવા, અને જમવા સહિતની સુવિધા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે.

આ કોવિડ સેન્ટરમાં તબીબી મેનેજમેન્ટ એચસીજી ગ્રુપ દ્વારા કરવામાં આવશે. કોવિડ સેન્ટરમાં દર્દી માટે ઓક્સિજનની પણ સુવિધા રહેશે અને આ માટે ઓક્સિજન પ્લાન્ટ તૈયાર કરવામાં આવ્યો છે.જરૂર પડ્યે આ સેન્ટરમાં ૫૦૦ બેડ સુધીની સુવિધા ઊભી કરવાની પણ તૈયારી કરવામાં આવશે. રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં કોરોનાગ્રસ્ત દર્દીઓ હોસ્પિટલમાં બેડ મેળવવા માટે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે અને આ સ્થિતિ હજુ કયાં સુધી ચાલશે તેની કલ્પના મુશ્કેલ છે ત્યારે દર્દીઓને સારવાર માટે ભટકવું પડે નહીં તે માટે શું કરી



શકાય તેવી ચિંતા કેટલાક ઉદ્યોગપતિઓને થઇ હતી અને તેમને જ સંયુક્ત રીતે ખર્ચ ઉઠાવીને કોવિડ સેન્ટર શરૂ કરવાનો વિચાર આવ્યો હતો.

# સમરસ કોવિડ કેર સેન્ટરમાં દર્દીઓની સારવારની સાથે સેવા







**ડિસ્ચાર્જ થતાં મહિલાએ ભજન ગાઇને તબીબોનો આભાર માન્યોઃ પરિવાર સાથે વીડિયોકોલમાં વાતચીત**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ.તા.૨૬

રાજકોટમાં સમરસ હોસ્ટેલમાં કોવિડ કેર સેન્ટર ચાલી રહ્યું છે. અહીં દર્દીઓની સારવારની સાથે મેડિકલ સ્ટાફ સેવા પણ કરી રહ્યો છે. મોટી ઉંમરના દર્દીઓને તેનું દર્દ ભુલાવવા માટે ભજન ગાઇ છે તો જે કોઈ અશક્ત છે તેને માથું ઓળી આપે છે, તો પોતાના હાથે જમાડે પણ છે.

કોવિડ કેર સેન્ટરમાં હળવાશ સમયે દર્દી સાથે બેસીને ભજન ગાઇ છે તો કોઈ અલગ અલગ રમત રમે છે. દર્દીઓ સાથે તબીબો વૈષ્ણવજન તો તેને કહીએ રે જે પીડ પરાઈ જાણે રે.. ભજન ગાઈને દર્દીને હિંમત આપવાનો પ્રયાસ કર્યો હતો. દર્દીઓને તેના ઘરના નિત્યક્રમ જળવાઈ તે માટેના પ્રયાસો કરવામાં આવે છે. એક વૃદ્ધા પોતાના વાળ ઓળાવા માટે અશક્ત હતા તો મેડિકલ સ્ટાફના એક મહિલાએ તેને વાળ ઓળી આપ્યા હતા. દર્દી ક્યારેક જમવાનું ભાવતું નથી કે જમવાની ઈચ્છા નથી એવા બહાના ધરે છે. ત્યારે મીઠો ગુસ્સો પણ કરે છે કે, જો નહીં જમો તો સાજા નહીં થાવ. જે અશકત છે તેને પોતાના હાથે પણ જમાડે છે. સમરસ હોસ્ટેલમાં દાખલ દર્દીને તેના પરિવારજનોની ચિંતા હોય છે. આ ચિંતા દૂર કરવામાં તબીબો મદદરૂપ બને છે. દર્દી પોતાના પરિવાર સાથે નિયમિત વીડિયોકોલ કરે છે. પરિવાર સાથે વાતચીત કરતી વેળાએ દર્દી કહે છે કે, ચિંતા ન કરતા અમે જલ્દી સાજા થઇ જઇશું.

## દર્દીઓ માનસિક તણાવ ન અનુભવે ખાસ કાઉન્સિલર ટીમ મૂકવામાં આવી





રાજકોટની સમરસ હોસ્ટેલમાં હાલ કોવિડ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. જેમાં હાલ દર્દીઓને ઓક્સિજન સાથે સારવાર તો આપવામાં આવી રહી છે. પરંતુ આ સાથે મોટી ઉંમરના દર્દીઓ રોગને ભૂલી અને ભજન કીર્તનમાં વ્યસ્ત રહે તે માટે કાઉન્સિલરની ટીમ અનોખી સેવા કરી રહી છે. જેમાં કાઉન્સિલર ઘરના સભ્ય જેવું વર્તન કરી દર્દીને રોગ ભૂલાવી પ્રેમ અને હૂંફભર્યુ વર્તન કરતા વીડિયો હાલ સામે આવ્યા છે. ભજન, કીર્તન અને ગરબાના તાલે દર્દીઓ ઝૂમી ઉઠે છે.

## કોરોના સંક્રમણની ચેઈન તોડવા તમામ જ્વેલર્સ મેદાને...

# સોની બજાર વધુ એક અઠવાડિયું સ્વૈચ્છિક બંધ પાળશે








### ગોલ્ડ ડીલર્સ એસો. જવેલરી એસોનો નિર્ણય : સોનીબજાર તેમજ પેલેસ રોડના તમામ વેપારીઓ સ્વૈચ્છિક બંધમાં જોડાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**રાજકોટ.તા.૨૬: રાજકોટ સહીત સમગ્ર રાજ્યમાં કોરોનાએ કહેર વર્તાવ્યો છે, દિન પ્રતિદિન કોરોના કેસમાં વધારો થઇ રહયો છે સૌરાષ્ટ્ર-ગુજરાતના અનેક શહેરો અને ગ્રામ્યમાં આંશિક - સ્વૈચ્છીક બંધ પાળીને કોરોનાની ચેઇન તોડવા પ્રયાસ થઇ રહ્યાં છે ત્યારે એશિયાની ગોલ્ડ હબ મનાતી રાજકોટની સોની બજારમાં વધુ એક અઠવાડિયું સ્વૈચ્છીક બંધ પાળશે. આ અગાઉ ત્રણ દિવસ સુધી સોનીબજારમાં સ્વૈચ્છીક બંધ રાખ્યા બાદ ગત સપ્તાહે સળંગ પાંચ દિવસ સુધી બંધની જાહેરાત થયેલ હતી, જેની અવધિ સોમવારે પૂર્ણ થવાની હતી ત્યારે ફરીવાર કોરોના ની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને તા:-૨-૫-૨૦૨૧ સુધી સ્વૈચ્છિક બંધ રાખવા રાજકોટ ગોલ્ડ ડીલર્સ એસો, જેમ્સ એન્ડ જવેલરી એસો, દ્વારા નિર્ણય લેવાયો છે સોનીબજારમાં કોરોના સંક્રમણની ચેઇન તોડવા વધુ એકવાર અઠવાડિયું સ્વૈચ્છીક બંધમાં રાજકોટ ગોલ્ડ ડીલર્સ એસો,તેમજ જેમ્સ એન્ડ જવેલરી એસો,તમામ સભ્યો ,સોની બજાર અને પેલેસ રોડના તમામ જવેલર્સ જોડાશે

# રૈયા ચોકડી પાસે ખાનગી એમ્બ્યુલન્સ સંચાલકોએ ચક્કાજામ કર્યો




તસવીરઃ દિલીપ ગોહેલ

## ઓક્સિજનની કટોકટી દુર કરવા ડ્રાઈવર-ડોકટરોએ માંગ કરી : ગાંધીગ્રામ પોલીસે દોડી જઈ મામલો થાળે પડ્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

રાજકોટ શહેરમાં ઓક્સિજનની કટોકટીની સ્થિત સર્જાઈ છે. એક બાજુ દર્દીના પરિવારજનો ઓક્સિજનના રીફીલીંગ માટે વલખા મારી રહ્યા છે. તો બીજી બાજુ ઓક્સિજનનો જથ્થો પુરતું હોવાનું કલેકટર તંત્ર જણાવી રહ્યું છે. આ બધાની વચ્ચે બાટલામાં રીફીલીંગ કરતી એજન્સીઓને તથા પણ ખાનગી એમ્બ્યુલન્સના સંચાલકોને લાંબી લાઈનમાં ઉભું રહ્યું પાડતું હોય, સમયસર દર્દી સુધી પહોંચી શકાતું ન હોવાના કારણે ખાનગી હોસ્પિટલના ૧૫ થી વધુ એમ્બ્યુલન્સ ડ્રાઈવરોએ રૈયા ચોકડી ખાતે પહોંચી ચક્કાજામની સ્થિતિ સર્જાતા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના પી.આઈ. ખુમાનસિંહવાળાએ પોલીસ સ્ટાફ સાથે દોડી જઈ ડ્રાઈવરો સાથે સમજાવટ કરીને કલેકટર રૈમ્યા મોહનને રજૂઆતકરવા જણાવ્યું હતું. આ સાથે જ રૈયા ચોકડીએ ઓક્સિજન એજન્સીએ પણ જેનીસ હોસ્પિટલ, શુંખલા હોસ્પિટલના ડોકટરોએ હોબાળો મચાવી ઓક્સિજનની કટોકટી દુર કરવા મંગ કરી હતી.

# મનપાના ટિપરવાનના ડ્રાઈવરો, કામદારો-સિક્યોરિટી સ્ટાફને મેયર દ્વારા માસ્ક વિતરણ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૬

હાલની કોરોના મહામારીમાં ટીપરવાનના કર્મચારી દ્વારા ડોર ટુ ડોર કચરાનું કલેક્શન કરવામાં આવે છે. ટીપરવાનના કર્મચારીઓ કોરોના સંક્રમિત ન થાય તે માટે ટીપરવાનના તમામ ડ્રાઈવર તથા કામદાર કર્મચારીઓને તેમજ કોર્પોરેશન કચેરીમાં ફરજ બજાવતા સિક્યુરીટી સ્ટાફને N-95 માસ્ક મેયર ડો.પ્રદિપ ડવ દ્વારા આપવામાં આવ્યા. ટીપરવાનના ડ્રાઈવર તથા કામદારોને કર્મચારીઓને આપવાના માસ્ક ડે.કમિશનર એ.આર. સિંહ તથા પર્યાવરણ અધિકારી નિલેષ પરમારે સ્વિકારેલ હતા. સિક્યુરીટી કર્મચારીઓને વિજીલન્સ વિભાગ દ્વારા આપવામાં આવેલ.

## કોરોનાથી અવસાન થયેલ દર્દીના પરિવારજનોને

# સરકાર પી.એમ-સી.એમ ફંડમાંથી રૂ.૫ લાખની સહાય જાહેર કરે



### મુખ્યમંત્રીને પત્ર પાઠવતા વોર્ડનં. ૧૫ ના કોંગ્રેસેના કાર્યકારી પ્રમુખ નરેશ પરમાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

મનપાના વોર્ડનં. ૧૫ કોંગ્રેસેના કાર્યકારી પ્રમુખ નરેશભાઈ પરમારએ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર પાઠવ્યો છે. પત્રમાં જણાવ્યું છે કે, હાલની સ્થિતીને ધ્યાને રાખીને રાજયના તમામ કોરાના વાઈરસ તથા ઓકિસજનના અભાવે દર્દીઓ મૌતને ભેટ્યા છે. તેના પરિવારને રાજય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા સી.એમ/પી.એમ ફંડમાંથી પાંચ લાખ રૂપિયા સહાયતા આપવામાં આવે.

હોસ્પીટલમાં પુરતા પ્રમાણમાં બેડ નથી. ઓક્સિજનના બાટલા ઓ પુરતા પ્રમાણમાં નથી. આજે નિર્દોષ લોકો પ્રાણ ગુમાવી રહ્યા છે. ઘણા ખરા પરિવારોમાં કમાવવાન મુખ્ય વ્યક્તિનું મૃત્યુ થવાથી પરિવારની પરિસ્થિતિ દયાજનક બની છે. અમુક પરિવારો પાસે થોડા ઘણી બચત હતી એ પણ કોરોના વાઈરસની ઝપેટમાં આવ્યા બાદ હોસ્પિટલના બિલ, દવાઓ, ઓકિસજન, ફળ ફુટના મસમોટા ભાવ વધારામાં સંપૂર્ણ નાણાઓ ખર્ચાયેલ છે.

કોરોનાં ગ્રસ્ત પરિવારમાં મોતનો માતમ છવાયો છે. આવી દુઃખદ પરિસ્થિતિને ધ્યાન રાખી કોરોનાગ્રસ્ત પરિવારોને ગુજરાત રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા પી.એમ/સી.એમ ફંડમાંથી પાંચ-પાંચ લાખની સહાય આપવાનું શરૂ થાય તો કોરોનાંગ્રસ્ત પરિવારોને આર્થિક પરિસ્થિતિમાં જીવન નિર્માણ કાર્યોમાં તકલીફનો અનુભવ થશે નહિ અને કાળમુખા કોરોના વાઈરસ લિધે પરિવારના મુખ્ય કમાવ વ્યક્તિના અવસાન થવાના લિધે પરિવારોમાંથી અન્ય કોઈ સભ્યોને આર્થિક તંગીના લિધે અન્ય સભ્યોને જીવ ગુમાવાના સમય આવે નહિ.

રાજ્ય સરકાર કોરાનાંગ્રસ્ત પરિવારના સભ્યોની આર્થિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સહાયતા આપવા વિચારણા કરે અને તાત્કાલિક ધોરણે યોજના અમલમાં લાવવા વિચારણા કરે તેમ અનુરોધ કર્યો છે.(૧.૪)

# સમરસમાં લાશ ઉપરથી દાગીના રોકડા ચોરી કરનાર ત્રણ ઝબ્બે

### સમરસમાં સારવારમાં રહેતા કોરોના દર્દીના મોત બાદ લાશ પેકિંગ કરવાનું કામ કરતા ત્રણને પોલીસે દબોચી લઈ રોકડ તથા દાગીના કબજે કર્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૬

શહેરમાં કોરોના મહામારીએ કહેર વર્તાવ્યો છે. ત્યારે સમરસ હોસ્પિટલમાં કેટલાક શખ્સોએ માનવતા નેવે મૂકી લાશ પરથી દાગીના તથા રોકડ ચોરી કરી ગયાની ફરિયાદ પરથી યુર્નીસીટી પોલીસે તપાસ હાથ ધરી ત્રણ શખ્સોની ધરપકડ કરી છે. આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ સમરસ હોસ્ટેલમાં સારવારમાં રહેલા દર્દીઓના મોત બાદ તેની પાસે રહેલા દાગીના તથા રોકડ રકમ કોઈ ચોરી કરી ગયાની ફરિયાદના પગલે યુર્નીસીટી પોલીસ મંથકના પી.આઈ એ.એસ.ચાવડા ની સુચનાથી પી.એસ.આઈ વી.એમ.ડોડીયા સહિતના સ્ટાફે તપાસ હાથ ધરતા સમરસમાં દાખલ કોરોનાનાં દર્દીના મોત થયા બાદ લાશનું પેકિંગ કરતા શખ્સો લાશ પરથી રોકડ તથા દાગીના ચોરી કરતા હોવાની શંકાએ પોલીસે વિક્રમ બંસીલાલ તેજી, માનારામ ઉદાસમ, મહેન્દ્ર ભારાખ, ભગવાન ભારાખ ગોસવામી સહિત ત્રણ શખ્સોની પોલીસે ધરપકડ કરી પુછપરછ કરતા આ કામના આરોપીઓ કોરોનાની સારવારમાં દાખલ રહેલ દર્દીઓનું અવસાન પામતા ત્યારે તેઓની ડેડબોડીને પેકિંગ કરવાનું કમ કરતા હોય ત્યારે કોવિડ સેન્ટર ખાતે હાજર મેડીકલ સ્ટાફ તેમજ અન્ય સ્ટાફની નજર જુકાવી લાશનું પેકિંગ કરતી વેળાએ તેની પાસે રહેલા દાગીના અને રોકડની તેમજ કિમત સામાન ચોરી કરી લેતા હોય પોલીસે ત્રણેય શખ્સો પાસેથી રોકડા રૂ. ૩૨૫૦૦ તથા ચોરી કરેલો મોબાઈલ ફોન, સોનાની બાલી, ચાંદીની લક્કી, ચાંદીનું બ્રેસલેટ ચાંદીની વીંટી સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે.

# વોર્ડ નં.૬ માં શહેર યુવા ભાજપ દ્વારા બલ્ડ ડોનેશન કેમ્પ યોજાયો



### કમલેશ મિરાણી, અરવીંદ રૈયાણી, પ્રદિપ ડવ સહીતના ઉપસ્થિત રહયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૬

પ્રદેશ ભાજપ દ્વારા સી.આર. પાટીલના માર્ગદર્શન હેઠળ મારૂ બુથ કોરોના મુક્ત, મારૂ બુથ વેક્સીનયુક્ત અંતર્ગત શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ યુવા મોરચા દ્વારા વોર્ડ નં. ૬ માં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયેલ હતો.

આ તકે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, ધારાસભ્ય અરવીંદ રૈયાણી, મેયર ડો. પ્રદીપ ડવ, વોર્ડ ના કોર્પોરેટર પરેશ પીપળીયા (પી.પી.), ભાવેશ દેથરીયા, વોર્ડ પ્રભારી રમેશ પરમાર, વોર્ડ પ્રમુખ ઘનશ્યામ કુંગશીયા, વોર્ડમહામંત્રી દુષ્યંત સંપટ, વીરમભાઈ રબારી, પૂર્વ કોર્પોરેટર મુકેશ રાદડીયા, મનોજ ગરૈયા, પીન્ટુ રાઠોડ, સહીતના ઉપસ્થિત રહયા હતા. આ બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવવા શહેર ભાજપ યુવા મોરચાના હીરેન રાવલ, ચંદ્રેશ લુણાગરીયા, તેજશ પ્રજાપતી અને અનીલ પ્રજાપતી સહીતના એ જહેમત ઉઠાવી હતી.

## દર્દીઓ થેલેસેમિયા પીડિત બાળકોના જીવન બચાવવા

# રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બલડની તાતી




### કોઈપણ સ્થળેથી રક્તદાન સ્વીકારવામાં આવશે, આગેવાનો-સંસ્થાઓને રક્તદાન કેમ્પ કરવા અનુરોધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૬

પ્રવર્તમાન કોરોના બીમારી તથા હાલ ઉનાળાની ગરમીનાં સમયમાં રકતની જરૂરીયાત ઉભી થઇ છે. સીવીલ હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકો માટે નિઃશલ્ક લોહી મળી રહે તે માટે સૌ પ્રયત્નશીલ બને તેવી વિનંતી છે. રકતદાન કરી અમુલ્ય માનવ જીંદગીઓને તેમજ થેલેસેમીયા પીડીત બાળકોના જીવનને બચાવવા નિમિત બનવા માટે અપીલ કરવામાં આવી છે. રાજકોટની સિવિલ હોસ્પિટલ, બાળકોની હોસ્પિટલ ખાતે સમગ્ર સૌરાષ્ટ્રના દર્દીઓ, થેલેસેમીયા પિડીત બાળકો નિઃશૂલ્ક સારવાર માટે આવે છે.

હાલમાં સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારના બ્લડ ગ્રુપની જરૂરીયાત છે. સિવિલ હોસ્પીટલ બ્લડ બેન્ક, નવી ઓપીડી બિલ્ડીંગ, રાજકોટ ખાતે સવારે ૯ થી સાંજના ૮ વાગ્યા સુધી રકતદાન કરી માનવ જીંદગીઓ બચાવવા અનુરોધ કરવામાં આવી છે. સંસ્થાઓ, સોસાયટીઓ, સેવાભાવીઓ તાત્કાલીક રકતદાન કેમ્પનું પણ આયોજન કરે તો સીવીલ હોસ્પીટલ બ્લડ બેન્ક આપના સ્થળેથી રકતદાન સ્વીકારવા આવશે, નાના કેમ્પ હશે તો પણ થઈ શકશે. ૧૮ થી ૪૫ વર્ષની વય જૂથનાં લોકો, રસી મુકાવ્યા પૂર્વે અચુક રકતદન કરે. વિશેષ માહિતી માટે અને કેમ્પનાં આયોજન માટે મોઃ ૯૮૯૮૬ ૧૩૨૬૭ પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# જૂનાગઢમાં પરશુરામદાદાની શોભાયાત્રા-સમૂહ ભોજન મોકૂફ

### સમસ્ત બ્રહ્મ યુવા ટ્રસ્ટ દ્વારા લેવાયો નિર્ણય

(અમારા પ્રતિનિધિ દ્વારા)
જુનાગઢ, તા.૨૬

આ વર્ષે બ્રહ્મ સમાજના આરાધ્ય દેવ ભગવાન શ્રી પરશુરામ દાદાની શોભા યાત્રા અને સમૂહ બ્રહ્મ ભોજન હાલના કોરોનાના કાળમાં મુલતવી રાખવાનો મહત્વનો નિર્ણય સમસ્ત બ્રહ્મ યુવા ટ્રસ્ટ દ્વારા લેવામાં આવ્યો છે, પરંતુ આ દિવસે તમામ ભૂદેવો પોતાના ઘરે કોરોનામાં દિવંગત થયેલ લોકોના આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન રાખી, વિશ્વમાંથી કોરોના નાબૂદ થાય તેવી પ્રાર્થના કરશે.

સમસ્ત બ્રહ્મ યુવા ટ્રસ્ટના સ્થાપક જયદેવ જોષીએ જણાવ્યું છે કે, આગામી તા.૧૪ મે ના રોજ બ્રહ્મ સમાજના આરાધ્ય દેવ ભગવાન શ્રી પરશુરામ દાદાની જન્મ જયંતી હોય. શોભા યાત્રા અને સમૂહ બ્રહ્મ ભોજન હાલના કોરોનાના કાળમાં મુલતવી રાખવાનો મહત્વનો નિર્ણય સમસ્ત બ્રહ્મ યુવા ટ્રસ્ટ દ્વારા લેવામાં આવ્યો છે.

શહેરમાં વસતા લાખો ભૂદેવો તેમના ઘરે રાત્રિના ૭:૩૦ કલાકે પરશુરામ દાદાની તસવીર પધરાવી, દીપ પ્રાગટ્ય કરી, કોરોનામાં દિવંગત થયેલ લોકોના આત્માની શાંતિ માટે સામૂહિક બે મિનિટનું મૌન રાખી, વિશ્વમાંથી કોરોના નાબૂદ થાય તેવી પ્રાર્થના કરશે.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## ગુજરાતમાં કોરોના મૃત્યુઆંક ૬ ગણો ઓછો દર્શાવાયો

છે છતાં વિજ્ઞાનીઓ ચેતવે છે કે હાલ કહી શકાય નહીં કે ભારતમાં જોવા મળેલા નવા વેરિયન્ટ કેટલા ઘાતક છે. ઝડપથી ફેલાતા અને કાબૂમાં ન આવતાં નવાં સ્વરૂપોનાં પરિણામ દુનિયા માટે નુકસાનકારક હોઈ શકે છે. સાયન્ટિસ્ટ ચિંતિત છે કે જે દેશોમાં વેક્સિનેશન પૂરતા પ્રમાણમાં થઈ ચૂક્યું છે ત્યાં લોકો નિશ્ચિંત થઈ ગયા છે. કોરોનાવાયરસ એવી રીતે સ્વરૂપ બદલી શકે છે કે વર્તમાન વેક્સિનની એના પર કોઈ અસર થશે નહીં. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, જો કેન્સર જેવી કોઈ બીજી બીમારી પહેલાંથી છે અને વ્યક્તિનું મોત કોવિડ-૧૯થી થાય છે તો તેને વાયરસથી મૃત્યુ તરીકે નોંધાય છે. એવું લાગે છે કે ભારતમાં અનેક સ્થળે આમ થતું નથી. એપ્રિલમાં રૂપલ ઠક્કર વાયરસથી સંક્રમિત થઈ હતી. ૧૬ એપ્રિલના રોજ તેને અમદાવાદની ખાનગી શેલ્બી હોસ્પિટલમાં દાખલ કરાઈ, પરંતુ તેનું ઓક્સિજન લેવલ અચાનક ઘટી ગયું. બીજા દિવસે ૪૮ વર્ષની મિસિસ ઠક્કરનું નિધન થઈ ગયું. હોસ્પિટલે મૃત્યુનું કારણ કાર્ડિએક એરેસ્ટ જણાવ્યું. ઠક્કર પરિવાર ગુસ્સે થઈ ગયો. તેનો નાનો ભાઈ દીપન ઠક્કર કહે છે, આ ઘણો મોટો આઘાત હતો. કોઈ ખાનગી હોસ્પિટલમાં મૃત્યુની વાસ્તવિક સંખ્યા છુપાવવા સરકાર સાથે સાઠગાંઠ શા માટે કરશે. આ સંગઠિત અપરાધ છે. આ ગેરકાયદે છે. વિનંતી છતાં શેલ્બી હોસ્પિટલના સંચાલકોએ કોઈ પ્રતિક્રિયા આપી નથી. સ્મશાનગૃહોમાં કામ કરતા લોકો કહે છે કે તેઓ થાકી ગયા છે. તેમણે ક્યારેય આટલા ટૂંકા ગાળામાં આટલી મોટી સંખ્યામાં લોકોને મરતા જોયા નથી. ૧૪ એપ્રિલના રોજ સુરત અને ગાંધીનગરનાં સ્મશાનગૃહોમાં ટાઈમ્સને માહિતી મળી કે ત્યાં એક દિવસમાં ૧૨૪ લોકોના અંતિમસંસ્કાર થયા છે. એ દિવસે અધિકારીઓએ સમગ્ર રાજ્યમાં કોવિડ-૧૯થી ૭૩ મોતની માહિતી આપી હતી. કાનપુર શહેરમાં કેટલાક બગીચામાં અંતિમસંસ્કાર શરૂ કરાયા છે, કેમ કે સ્મશાનગૃહોમાં જગ્યા નથી. અમદાવાદમાં વાડજ સ્મશાનગૃહમાં કાળા ધુમાડાનાં વાદળો જોવા મળી રહ્યાં છે. ક્લાર્ક સુરેશે ફોન પર કહ્યું હતું કે, તમામ મૃત્યુ પ્રમાણપત્ર પર કારણ બીમારી લખીએ છીએ. વધુ સવાલ પુછતાં તેણે ફોન બીજા અધિકારીને પકડાવી દીધો. એ અધિકારીએ સવાલ બીજા અધિકારીને રિફર કર્યો, જેણે જવાબ આપવાની ના પાડી દીધી.

## રાજકોટમાં જાહેરમાં બર્થડે પાર્ટી ઉજવનારા નફાવટો પર શહેરભરમાં ફીટકાર

જાહેરમાં જે સ્થળે બર્થડે પાર્ટીના નાટક ચાલી રહયા હતા અને ઠામસ્કરીના દ્રશ્યો જોવા મળી રહયા હતા શું ત્યાં સ્થળ પર ટ્રાફીક પોલીસ પણ ન હોતી? પોલીસની કોઇ પણ પ્રેટ્રોલીંગ વાનની નજરે પણ આવી પાર્ટી દેખાઇ નહીં? આવા અનેક સવાલો શહેરીજનોમાં પુછાય રહયા છે. સમાજનો એક નોંધ પાત્ર વર્ગ કોરોનાની પીડામાં સપડાયો છે, તમામ પ્રકારના જાહેર, ધાર્મીક, રાજકીય તથા સાંસ્કૃતિક કાર્યક્રમો પર પ્રતિબંધ છે ત્યારે કોની મંજુરીથી અને કોના કહેવાથી આ આવા તત્વોએ લાજશરમ નેવે મુકીને બર્થડે પાર્ટી કરી હતી તેની ઉંડી તપાસ કરવાને બદલે પોલીસે અચાનક વીંટલો વાડી દીધો છે અને પોતાનું કર્તવ્ય ચુકી છે. આવા તત્વોને જવા દેવા ન જોઇએ બલકે હજારો પીડીતોની વેદનાની મસ્કરી ઉડાડવા બદલ આ તત્વો સામે કાયદાની કડકમાં કડક જોગવાઇઓ લાગુ કરવી જોઇએ જેથી એમને પુરેપુરુ ભાન આવી જાય પણ કમનશીબે એવું બન્યું નથી.

## કોવિડ હોસ્પિટલમાં દર્દીને દાખલ કરવા બાબતે તબીબ પર હુમલો

આવેલી શિવધારા સોસાયટીમાં રહેતા ડો. અમરભાઈ જગદીશભાઈ કાનાબાર (ઉ.વ.૨૯) એ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે પોતે કનક રોડ પર એસ.ટી બસ સ્ટેશન પાછળ આવેલી સત્કાર કોવિડ હોસ્પિટલમાં ફરજ પર હતા ત્યારે દિવ્યરાજસિંહ ઝાલા તથા તેની સાથેના બે શખ્સોએ એવી રીતે કે કામના ફરિયાદી ડોક્ટર હોય તથા સાહેદો નર્સિંગ સ્ટાફમાં કોવિડ હોસ્પિટલમાં ફરજ બજાવતા હોય અને ઉપરોક્ત ત્રલોપ શખ્સો હોસ્પિટલે આવી અમારા પેશન્ટને દાખલ કરવા પડશે. તેમ કહીં ગાળો આપી ઢીકાપાટનો મારમારી મુંઢ ઈજા કરી એક વખત હોસ્પિટલમાંથી બહાર નીકળી અને એમ ના પાડવા છતાં ફરિયાદી ડોક્ટરને હોસ્પિટલની અંદર ઈજા કરવાના હેતુથી ગેર કાયદેસર પ્રયાસ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ડોક્ટરની ફરજમાં રૂકાવટ કરતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## રાજકોટમાં સબ સલામત છે તો લાંબી... લાંબી... કતારો શેની છે?...

પોકારતા રહે છે. શું એમને એમના સ્ટાફ તરફથી સાચા અહેવાલો મળતા નથી કે સાચા અહેવાલો મળ્યા પછી કલેકટર તંત્ર તેને ગંભીરતાથી લેવાનું જાણતા નથી? આ પ્રશ્ન સમગ્ર શહેરની જનતા માટે એક કોયડો બનીને રહી ગયો છે. જેનો જવાબ કલેકટર તંત્ર સીવાય કોઇ આપી શકે તેમ નથી. રાજય સરકારે આ તમામ અધિકારીઓને વધારાની સત્તાઓ એટલા માટે આપી છે કે, એ બધા જે વહીવટનું જ્ઞાન લઇને આવ્યા છે એ જ્ઞાનનો કોરોના દર્દીઓની સારવારનું માળખુ ગોઠવવામાં ઉપયોગ કરે એવું માળખુ જયાં ન તો દવાની તંગી સર્જાય, ન તો ઇન્જેકશનની તંગી સર્જાય કે ન તો ઓક્સિજન વગર દર્દીઓ તળફળતા દેખાય. નવા આવનારા દર્દીઓ માટે બેડ મળતા નથી અને કદાચ હોય તો એમને સાચી માહિતી આપવાની કોઇ વ્યવસ્થા નથી, ઓક્સિજનના બાટલા ખુટી ગયા છે. કેટલીક ખાનગી હોસ્પિટલમાં તો ઓક્સિજનનો પુરવઠો આજે એક દિવસ ચાલે એટલો પણ રહયો નથી. રાજય સરકાર કલેકટરોના અહેવાલોના આધારે પગલા લઇ રહી છે ત્યારે રાજકોટના કલેકટર રાજય સરકારને સાચી પરિસ્થિતિથી વાકેફ કરે છે કે નહીં. એ સવાલ સો મણનો થઇને ઉભો છે.

## પૂર્વ પીએમ મનમોહનના સુંદર સુચનોને રાજકીય રંગ અપાયો

મોટા ભાગના લોકો નાણાકીય સમસ્યામાંથી બહાર નથી આવી શકયા. જયારથી મહામારીનો કહેર શરુ થયો છે દેશમાં લગભગ ૧.૮૦ લાખ લોકોના જીવ ગયા છે. તેમણે કહ્યુ કે વાસ્તવિક આંકડા રજુ નથી કરાયા આ આંકડા વાસ્તવિક આંકડાથી ઘણા ઓછા છે. પ્રભાકરે કહ્યું કે ટીવી પર જોવા મળતુ હતુ કે કેવી રીતે મુખ્યમંત્રી અને પીએમ રેલી કરી રહ્યા છે. ભીડ ભેગી કરી રહ્યા છે. કુંભનો મેળો ચાલી રહ્યો છે. સ્થિતિ ખરાબ થવા પર તેઓ ભાનમાં આવે છે. હદ તો ત્યારે થાય છે જયારે કેટલાક એકસપર્ટ અને અન્ય લોકો આ ભીડને યોગ્ય ગણાવવા લાગે છે. એમ પણ તર્ક આપે છે કે બીજા દેશોની સરખામણીએ અમારી સ્થિતિ સારી છે. સાંભળીને ઠેસ પહોંચે છે. લોકોને મદદ પહોંચાડવાની જગ્યાએ સરકાર હેડલાઈન્સ મેનેજમેન્ટ કરી રહી છે. પૂર્વ પીએમ મનમોહન સિંહે સારા સૂચનો આપ્યા હતા પરંતુ આના પર મંત્રીએ અસભ્ય પ્રતિક્રિયા આપી છે. આના પર રાજનીતિ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

## ગુજરાતમાં ૧૮ વર્ષથી ઉપરના તમામને મફત વેક્સિન

જયપ્રકાશ શીવહરેએ આદેશ આપ્યો છે. રાજયમાં ૧લી મેથી ૧૮ વર્ષથી વધુ વયના તમામનું રસીકરણ કરવા માટે ૬ હજાર કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. વડોદરામાં હોમઆઇસોલેટ દર્દીઓને ઓક્સિજનનું સુચન ન કરવાનો નિર્ણય લેવાતા હોબાળો મચી ગયો છે. ઉપરાંત સી ગ્રેડની ૧૬૪ હોસ્પિટલોમાં અને સંસ્થાઓમાં ઓક્સિજનનો સ્ટોક નહીં રાખવાનો તુગલખી આદેશ આપવામાં આવતા ભારે દેકારો થઇ પડયો હતો. આવી હોસ્પિટલોને ઓક્સિજનના બેડ નહીં રાખવાની સુચના અપાઇ છે. સુરતની ખાનગી કોવિડ હોસ્પિટલમાં ગઇકાલે અચાનક આગ ફાટી નીકળી હતી પરંતુ સદનસીબે કોઇ જાનહાની થઇ નથી. ભરૂચના ટંકારીયા ગામે લોકોએ જાતે સરકાર અને નેતાઓની રાહ જોયા વિના ૧૦૦ બેડની કોવિડ હોસ્પિટલ ઉભી કરી નાખી છે. જેમાં કોરોના દર્દીઓને મફત સારવાર આપવામાં આવશે.

## વિશ્વભરમાંથી ભારતને સહાયનો ધોધ

પણ તમામ પ્રકારની મદદની તૈયારી બતાવી છે. અમેરીકી પ્રમુખે કહયું હતું કે, કોરોનાના પહેલા રાઉન્ડમાં જે રીતે ભારતે અમેરીકાને મદદ કરી હતી એ રીતે અમેરીકા જરૂરના સમયે મદદ કરવા માટે સંકલ્પબધ્ધ છે. અત્યારે ઓક્સિજન અને વેન્ટીલેટર બ્રિટનથી પણ આવી રહયા છે. બ્રિટનના વડાપ્રધાન બોરીસ જોન્સને આવા કરૂણ સમયમાં ભારતને તમામ મદદ કરવાની ખાત્રી આપી છે. દિલ્હીમાં કેસો ઉછાળો મારી રહયા હોવાથી લોકડાઉન વધુ એક સપ્તાહ લંબાવવામાં આવ્યું છે. મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિતની રાજય સરકારોએ એમના રાજયમાં તમામને મફત વેક્સિન આપવાની જાહેરાત કરી છે.

## હરીયાણાના રહેવાડીમાં ઓક્સિજન વિના ગુમડાળઇ જતી ૪ જીંગદી

હરીયાણાના નાયબ મુખ્યમંત્રી દુષ્યંત ચોટાલાએ કેન્દ્રનામંત્રી પીયુષ ગોયેલને પત્ર પાઠવી રેમડેસિવિર, ઓકિસજન સહિતની કોવિડ દર્દીઓ માટે વપરાતી ચીજ વસ્તુઓનો આવશ્યક ચીજ વસ્તુ ધારામાં સમાવેશ કરવા માંગણી કરી હતી.

## આવતીકાલથી પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

# હોમ કવોરન્ટાઇન પરિવારને નિઃશૂલ્ક ભોજન ઘરે પહોંચાડવામાં આવશે

| દાતાઓ માનવસેવા કાર્યમાં જોડાઈ શકશે | કશ્યપ ભટ્ટ– ૭૩૮૩૮૭૭૮૮૬, કેતનભાઈ ડોડીયા– ૯૦૩૩૧૯૯૮૮૯, પાર્થભાઈ દવે– ૯૭૧૪૪૫૮૯૮૫ વોટ્સઅપ નંબર ઉપર વિગતો જણાવી પડશે |
|---|---|

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આવતીકાલે તા.૨૭ ને મંગળવારથી શહેરમાં વસતા કોરોનાગ્રસ્ત હોમ કવોરન્ટાઇન પરિવારને નિઃશૂલ્ક અને વાસ્તવિક ભોજન ઘરે પહોંચાડવામાં આવશે. જરૂરિયાતમંદ પરિવારોએ પોતાના ઘરના સભ્યોના કોવિડ રીપોર્ટ તથા રેશનકાર્ડની કોપી, પૂરું નામ-સરનામું કશ્યપ ભટ્ટ મો. ૭૩૮૩૮૭૭૮૮૬, કેતનભાઈ ડોડીયા- ૯૦૩૩૧૯૯૮૮૯, પાર્થભાઈ દવે- ૯૭૧૪૪૫૮૯૮૫ વોટ્સઅપ પર વિગતો જણાવી. માનવસેવા કાર્યમાં જે કોઈ દાતાઓને સાથ-સહકાર આપવા જગદીશભાઈ ભટ્ટ મો. ૯૯૨૫૦૧૭૮૮૮ નો સંપર્ક કરવો. ક્રીના કારીયા, માવજીભાઈ ડોડીયા, કરણભાઈ પરમાર, તેજશભાઈ દુદકિયા, મિહિરભાઈ ચૌહાણ, કંચનબેન, બીપીનભાઈ પલાણ સહિતના લોકોના સહકારથી સેવા કાર્ય શરુ કરવામાં આવશે. સંસ્થાના દેવાંગ ભટ્ટ, પાર્થ હરમા, પ્રિયોશ ગોહેલ, પંકજ વ્યાસ, બકુલભાઈ સરવૈયા, પ્રગ્નેશ શીશાંગીયા, પાવન શીશાંગીયા, ધર્મેશભાઈ રાઠોડ, નરેન્દ્રભાઈ ડોડીયા, કિશન સૂચક, અખિલ મેમન વગેરે કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે. સંસ્થાના પ્રમુખ જગદીશભાઈ ભટ્ટએ અખબારી યાદીમાં જણાવ્યું છે.(૧.૬)

## ઓકિસજન, બેડ, રેમડેસિવિર માટે દર્દીના પરિવારજનો ચિંતિત

# અમરેલી જિલ્લાની ખાનગી હોસ્પિટલોને ઓકિસજન પુરવઠો શરૂ કરવા માંગ

### ધારાસભ્ય અને વિપક્ષી નેતા પરેશ ધાનાણીએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

અમરેલી, તા.૨૬

અમરેલીમાં જ દરરોજ ૨૫ થી ૩૦ નાં મોત થઈ રહેલ છે. ત્યારે ગામડાની સ્થિતિ સામે કોઈ જોતું નથી. હામાપુર જેવા અનેક ગામોમાં પણ મોતનું તાંડવ રચાયેલ છે, દવાખાના હાઉસફુલ છે. ત્યારે હોમ આઈસોલેશન દર્દીને ઓકિસજન ન મળતાં જીવન-મરણ વચ્ચે જોલા ખાવાની પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે. અમરેલીનાં ધારાસભ્ય અને વિપક્ષી નેતા પરેશ ધાનાણીએ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, કોરોનાના નવા સ્ટ્રેઈનના કારણે કોરોનાની સ્થિતિ બેકાબુ બની ગઈ છે અને રાજયના તમામ જિલ્લાઓમાં કોરોનાનું સંક્રમણ હરણફાળ ગતિથી વધી રહ્યું છે. અમદાવાદ, સુરત,વડોદરા, રાજકોટ જેવા મોટા શહેરો સહિત નાના શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં પણ કોરોનાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ છે. કોરોનાના કારણે આજે તમામ જિલ્લા અને તાલુકામાં પણ સરકારી અને ખાનગી હોસ્પિટલો કોરોના સંક્રમિત દર્દીઓથી ઉભરાઈ રહી છે.

ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં સારવાર લઈ રહેલ તથા હોમ આઈસોલેશનમાં રહેલ દર્દીઓને ઓકિસજનની ખાસ જરૂરિયાત છે. અમરેલીજિલ્લામાં ઓકિસજનનો પ્લાન્ટ પણ નથી જેથી તાત્કાલિક અસરથી અમરેલી જિલ્લામાં ઓકિસજનના ડેસ્ટીનેશન ઉભા કરી અમરેલી જિલ્લાને પુરતા પ્રમાણમાં ઓકિસજન પુરવઠો મળી રહે તેવી વ્યવસ્થા યુધ્ધના ધોરણે કરવા અંતમાં માંગ કરેલ છે.

# વડિયાના સુર્યપ્રતાપગઢ ગામે ટ્રેકટર પાછળ મોટરસાયકલ અથડાતા ચાલાકનું મોત

## બાળકને માતા પાસે મુકવા જતા સમયે સર્જાયો અકસ્માત

**(અમારા પ્રતિનિધિ દ્વારા)** વડિયા,તા.૨૬: વડિયા થી અમરેલી રોડ પર આવેલા સુર્યપ્રતાપ ગઢ ગામે રાત્રીના સમયે ટોલીમાં માટી ભરેલા ટ્રેક્ટરને લાઈટ વગર રોડ પર રાખતા મુખ્ય રસ્તા પર રાત્રીના સમયે અંધારું હોય ટ્રેક્ટર રોડ પર અકસ્માત સર્જાય તેરીતે કોઈ લાઈટ કે અકસ્માતથી બચવાં કોઈ સિગ્નલ વગર રાખેલું હોય ત્યારે વડિયાના ખડખડ ગામના મુકેશભાઈ ધીરુભાઈ વઘાસીયા અને પ્રકાશભાઈ ધીરુભાઈ વઘાસીયા તેમના નાના દીકરા દિવ્ય ને તેની માતા પાસે મુકવા કુંકાવાવ જતા હતા ત્યારે સુર્યપ્રતાપ ગઢ ગામ પાસે મુખ્ય રોડ પર અંધારામાં અડચણરૂપ કોઈ આગળ પાછળ લાઈટ વગર પડેલા ટ્રેક્ટર **GJ 20-B-1063,** ટોલી નંબર **GJ 03-6837** સાથે અથડાતા ચાલાક મુકેશ ભાઈ ને ગંભીર ઇજા થતા તેમને ૧૦૮ મારફતે વડિયા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લાવતા તેમને મૃત જાહેર કરેલ હતા. જયારે પ્રકાશભાઈ અને બાળક દિવ્યને ઈજાઓ પહોંચી હતી.

## વાત્સલ્ય એજ્યુ. એન્ડ ચેરી.ટ્રસ્ટ દ્વારા

# નિઃશૂલ્ક ઓક્સિજન સિલીન્ડર મળશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

હોમ કોરોનટાઇન થયેલ લોકોને ઓકસીજન સીલીન્ડરની જરૂરીયાત હોય ત્યારે વાત્સલ્ય ટ્રસ્ટ દ્વારા દાતાઓનાં સહયોગથી આ ઓકસીજન સીલીન્ડર ની નિઃશુલ્ક સેવા શરુ કરવામાં આવી છે.

વાત્સલ્ય ટ્રસ્ટના પ્રમુખ જયદીપભાઈ કાચા અને ઉપપ્રમુખ જયશ્રીબેન વોરાનાં માર્ગદર્શન હેઠળ હાલ કોરોના મહામારીમાં વિવિધ સેવાઓ સાથે વાત્સલ્ય ટ્રસ્ટની પૂરી ટીમ દ્વારા દિવસ-રાત જરૂરીયાતમંદ વ્યકિતઓને નિઃશુલ્ક સેવા પૂરી પાડવામાં આવે છે.

આ સેવા માં જીગ્નેશભાઈ કાચા, શુભમભાઈ લાડવા, રોનકભાઈ ભટ્ટી, સંકલ્પભાઈ ચાવડા, પારસભાઈ કાચા, કૃણાલભાઈ કાચા અને અખિલ ગુજરાત બાંધકામ શ્રમયોગી સંગઠનનાં કાર્યકરો દ્વારા હોમ કોરોનટાઇન થયેલ લોકોને ઓક્સીજન સીલીન્ડરની જરૂરીયાત હોય તેવા દર્દીઓને સેવા આપવામાં આવે છે.(૧.૧)

## ''ઝરૂખો''

# આપણી સરખામણીના કેન્દ્રમાં બીજી વ્યક્તિ હોય છે

આપણે બધા બે પ્રકારની જિંદગી જીવતા હોઈએ છીએ. એક તો પોતાના માટે ને બીજી બીજા લોકોના માટે પણ હવે સ્થિતિ એવી થઇ ગઈ છે કે આપણે બીજાના માટે જ વધારે જીવતા હોય એવું લાગે છે. આપણા દરેક કાર્યો, દરેક વિચાર-આચાર આ બધામાં સતત બીજાના જ અભિપ્રાય, એપ્રુવલ, અનુભવો જ કેન્દ્રમાં હોય છે. આપણે બીજાના નુકશાનમાં આપણો ફાયદો શોધતા થઇ ગયા છે. બીજી તરફ સુખ પણ બીજાના આધારિત થઇ ગયું છે. મને પોતાને શું મળ્યું, મારી પાસે શું છે. તેનો જવાબ આપણે બીજાની પાસેથી સાંભળવા માંગીએ છે અથવા તો બીજા પાસેથી એમના અભિપ્રાયોને માન્ય રાખીએ છીએ. આપણે જે કરી રહ્યા છે કે કરવા માંગીએ છે તે કહેવા માટે પણ આપણને બીજા લોકોની જરૂર પણ છે.

આપણને કોઈ ગમે છે તો વળી કોઈ નથી પણ ગમતા આમ આ ગમા-અણગમાની વચ્ચે જ આખી જિંદગી પસાર થઇ જાય છે. માણસની જાત બધું જુએ છે. વિચારે છે. સાંભળે છે. છતાં પણ આચરણ કરે ત્યારે બધું શૂન્ય થઇ જાય છે. એક તરફ આપણે મજબુત થઇ ગમે તે ઓરંગી જવાની તૈયારી બતાવીએ છે. તો બીજી તરફ મનમાં ક્યાંક ને ક્યાંક એકલા તો નહીં પડી જઈએ ની બીક પણ હોય છે. આજે તો બધાને આગળ વધવું છે, જીતવું છે. આમ, આજે માણસો કરતા કે સ્નેહ અને સંબંધ કરતા પણ સ્પર્ધા મહત્વની છે. લોકોને એટલું આગળ વધી જવું છે કે સંબંધો, સંવેદનાઓ, સહાનુભૂતિ વગેરેને સ્થાન આપવા માંગતા જ નથી અને સ્થાન મળે છે તો માત્ર સાધન તરીકે. આજ કાલ ટી.વી. ઉપર ગોરા થવાની, પાતળા થવાની જાહેરાતોને પ્રોડક્ટ વેચાય છે પણ ક્યારેય એવી જાહેરાત જોઈ છે કે માનવતાને વિકસાવવાની કે પ્રેમને મૂલ્યો સંવર્ધન કરવાની વાત રજૂ કરાતી હોય. આપણે દરેક વસ્તુને વ્યક્તિનો ઉપયોગ કરતા થઇ ગયા છે. આપણને તો ઈશ્વરમાં પણ શ્રધ્ધા નથી પણ જો તે ધાર્યું પરિણામ આપે તો બદલામાં આપણે તેને પણ કઈક આપવાની અને બાધાઓ પૂરી કરી તેને રાજી કરીએ છીએ. પણ શું ખરેખર ઈશ્વર રાજી છે કે કેમ તે જોતા નથી. આપણે સ્વાર્થી થઇ ગયા છે. આપણને ધિક્કાર, તિરસ્કાર ને નફરતમાં જેટલો વિશ્વાસ છે તેટલો પ્રેમ, કરુણાને લાગણીમાં નથી. છતાં ઘણા લોકો આ વાત સ્વીકારતા નથી. જરૂરિયાત વગરના ને અપેક્ષા વગરના સંબંધો પણ અસ્તિત્વ ધરાવે છે. કોઈ આપણી નજીક આવે વધારે ધ્યાન આપે ત્યારે આપણે ગભરાય જઈએ છે. કારણકે આપણને પ્રેમ પામવાની આદત જ નથી. આપણે તો બાર્ટર સિસ્ટમ કરીને પ્રેમ વહેંચીએ છે. કોઈ વધારે ચાહે કે માન આપે તો પણ આપણે ડરી જઈએ છે. આમ માણસનો જ ડર પણ લાગે છે ને તેની જરૂર પણ પડે છે. હકીકતમાં સ્વાર્થ આપણા મનમાં ઊંડે સુધી ઉતરી ગયો છે અને આપણે બીજાના થકી આપણા ફાયદા વિશે વિચારવા લાગ્યા છે. આ સમાજમાં મોટામાં મોટી કમનસીબી એ છે કે આપણે સતત સરખામણી ને સ્વાર્થના રસ્તે આગળ વધી રહ્યા છે. એટલે જ સુખ હોય કે દુઃખ, સમસ્યા હોય કે સમાધાન, જીવન હોય કે જીવન જીવવાની કલ્પના જો એ આપણી હોય તો એનો આનંદ વધારે આવશે. બીજાના અપ્રુવલ લેવા કરતા પોતાનો અપ્રુવલ લેવાનો શરુ કરશું તો જે છે તેનો સાચો આનંદ માણીશું. બાકી બીજાના ચશ્મા પહેરીને જોવાથી તો બધું જ ધૂંધળું જ દેખાશે.



જાગૃતિ દવે મિશ્રા
(બરોડા)



## શેઢાવદરની યુવા ટીમ દ્વારા

# અમરેલીનાં કૈલાસ મુકિતધામમાં 3 ટ્રેકટર ભરીને લાકડા અર્પણ



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

અમરેલી તા.૨૬

અમરેલીનાં કૈલાસ મુકિતધામમાં મોટી સંખ્યામાં મૃતદેહ અગ્નિ સંસ્કાર માટે આવતા હોવાથી લાકડાનાં જથ્થાની તંગી ઉભી થતાં શેઢાવદરનાં યુવાનો નિલેષભાઈ વિંછીયા, ગોવિંદભાઈ કાનાણી, નિકુંજભાઈ પાનશેરીયા, કમલેશભાઈ, જીવનભાઈ, જયસુખભાઈ, નયનભાઈ, કિરણભાઈ, અશ્વિનભાઈ, વાઘજીભાઈ દ્વારા ૩ ટ્રેકટર લાકડાનો જથ્થે કૈલાસ મુકિતધામને અર્પણ કરવામાં આવ્યો છે.

# નાજાપુર પ્રાથમિક શાળાના આચાર્યના માર્ગદર્શન હેઠળ ૪૫૦૦ જેટલા લીમડા-પીપળા ઉછેર્યા

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

અમરેલી તા.૨૬

જયારે આજ આખા ગુજરાતમાં કોરોનાથી હાહાકાર મચી ગયું છે અને દરેક વ્યક્તિતને ઓકિસજનની સૌથી વધારે તકલિફ થાય છે અને લોકો ઓકિસજન માટે લોકો સતત દોડી રહ્યા છે તેમજ ઓકિસજન મેળવવા માટે લોકો પૈસાની મોટી રકમ આપી રહ્યા છે જયારે ઓકિસજનની વાત આવે એટલે સૌથી પહેલા વૃક્ષ આપણને જલ્દી યાદ આવે છે ત્યારે નાજાપુર ગામના સામાજિક કાર્યકર કૌશિકભાઈ પાનસૂરિયા દ્વારા જણાવેલ કે બગસરા તાલુકાના હડાળા ગામના વતની મધુસુદન ભુવા અને હાલ ઘણા સમયથી કુંકાવાવના નાજાપુર પ્રાથમીક શાળામાં શિક્ષક અને આચાર્ય તરીકે ફરજ નિભાવેછે ત્યારે નાજાપુર ગામ માટે ફક્તત શિક્ષક નહિ પરંતુ વૃક્ષ પ્રેમી છે આ મધુસુદન ભુવાના માર્ગદર્શન નીચે છેલ્લા ૧૦ થી ૧૨ વર્ષમાં આજ નાજાપુર ગામથી બાલાપુર રોડ સુધી ૧૨૦૦ લીમડા, મારુતિ આશ્રમમાં ૧૫૦૦, નાજાપુર સ્મશાનમાં ૨૫૦ તેમજ અલગ અલગ જગ્યા એ લીમડાનો ઉછેર કરવામાં આવ્યો છે.



# છ વર્ષની સાદીયા અગવાને રોઝુ રાખીને ખુદાની બંદગી કરી



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

સિહોર,તા.૨૬

સિહોરના લીલાપીર વિસ્તારમાં ઉપલી શેરીમાં રહેતા રફીભાઈ અને રજીયાબેનની માત્ર ૬ વર્ષની દીકરી સાદીયાએ રોઝુ રાખીને ખુદાની બંદગી કરી છે. રમજાન માસમાં નાના બાળકો પણ અલ્લાહને રાજી કરવા ભૂખ અને ખાસ કરીને તરસ બરદાસ કરીને રોઝુ રાખે છે તેમજ નમાજ પઢી રહ્યા છે.

# મોટાદડવામાં કમોસમી વરસાદ



**(અમારા પ્રતિનિધિ દ્વારા)** મોટાદડવાઃ સતત પાંચ દીવસથી મોટાદડવા સહીત આજુબાજુના પંથક પર ગરમી વચ્ચે ચોમાસાના દ્રશ્ય સર્જાયા સમી સાંજના દરરોજ કાળા ડિબાંગ વાદળો સાથે ક્યાંક વીજળીના ઝબકારા જોવા મળી રહે છે.રવિવારના બપોર બાદ અચાનક વાતાવરણ પલ્ટાયું કાળા ડિબાંગ વાદળ સાથે અમીછાંટણા વરસ્યા હતાં.કમોસમી વરસાદથી મકાઈ તલ ઉનાળુ પાકો પર અસર જોવા મળશે.

# સુપેડી ગામે પિતા-પુત્ર પર ત્રણ શખ્સોનો કુહાડી વડે હુમલો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

ધોરાજીના સુપેડી ગામની સીમમાં આવેલી લાંગડીધાર પાસે જે.સી.બી લઈને જતા પિતા-પુત્ર પર ત્રણ શખ્સોએ કુહાડી-ધોકા વડે હુમલો કરી મારમારી નાસી જતા ધોરાજી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ધોરાજીમાં ભૂખી રોડ પર આવેલા કુંભારવાડામાં રહેતા શૈલેષભાઈ નરશીભાઈ બાલધા (ઉ.વ.૪૮) નામના પહેલા યુવાને પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે પોતે અને તેના પિતા નરશીભાઈ બાલધા બંને પિતા-પુત્ર જે.સી.બી લઇ પોતાના અડવાળા ગામે આવેલી વાડીએ જતા હતા ત્યારે રસ્તામાં સુપેડી ગામની સીમમાં પહોંચતા મનોજ જીણા, સંજય જીણા, જીણા ચના સહિત ત્રણેય શખ્સોએ પિતા-પુત્રને અટકાવી કુહાડી તથા ધોકા વડે હુમલો કરી મારમારી શરીરે ગંભીર ઈજા કરી નાસી ગયા હતા. બનાવના પગલે પોલીસે તપાસ હાથ ધરી છે.

# લગ્નની લાલચ આપી ત્યકતા પર દુષ્કર્મ કરનાર શખ્સ ઝડપાયો

## કાલાવડ રોડપર વામ્બે આવાસ યોજના ક્વાર્ટરમાં બનેલો બનાવઃ તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૬

કાલાવડ રોડ પર રાણી ટાવર સામે આવેલા વામ્બે આવાસ યોજનાના ક્વાર્ટરમાં ત્યકતાને લગ્નની લાલચ આપી દુષ્કર્મ કર્યાની ફરિયાદના પગલે તાલુકા પોલીસે શખ્સની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ કાલાવડ રોડ પર વામ્બે આવાસના ક્વાર્ટરમાં રહેતી અને ખાનગી કંપનીમાં કામ કરતી ૪૦ વર્ષીય ત્યકતાએ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેની પડોશમાં રહેતો જય ઉર્ફે જીગો ગૌતમ સોંદરવા નામના શખ્સે અગાઉ બે મહિના પહેલા ત્યકતાને લગ્ન કરવાની લાલચ આપી બે મહિના દરમ્યાન તેની સાથે બળજબરી કરી શરીર સંબંધ બાંધી દુષ્કર્મ ગુજારી બાદમાં લગ્ન કરવાનો ઇન્કાર કરી દેતા ત્યકતાએ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પી.આઈ જે.વી.ધોળાની સુચનાથી પી.એસ.આઈ પી.એમ રાઠવાએ પ્રાથમિક તપાસ હાથ ધરી જય ઉર્ફે જીગાની ધરપકડ કરી છે.

# લોઢવા ગામમાં તા.૩૧ એપ્રિલ સુધી સ્વૈચ્છિક લોકડાઉન



**(અમારા પ્રતિનિધિ દ્વારા)** લોઢવા,તા.૨૬: ગામમાં સતત વધતા જતા કોરોના રોગને ધ્યાનમાં લઈને લોઢવા ગ્રામ પંચાયતના સરપંચ ગોવિંદભાઈ ભોળા દ્વારા સંપૂર્ણ લોકડાઉન કરવાની અપીલ કરતા ગામના તમામ વેપારીઓએ તા.૩૧-૪ સુધી સંપૂર્ણ લોકડાઉન રાખવાનું નકકી થયેલ.

## વેપારી એસોસિએશન દ્વારા લેવાયો નિર્ણય

# આજથી તા.૧૦ મે સુધી બપોર પછી બંધ રહેશે

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

અમરેલી તા.૨૬

અમરેલી શહેરના દરેક વેપારી એસોસિએશન દ્વારા આજથી તા.૨૬ ને સોમવારથી આગામી તા.૧૦-૫ ને સોમવાર સુધી દરેક વેપારી પોતાની દુકાન સવારના ૮ કલાકથી બપોરના ૨ કલાક સુધી ખુલ્લી રાખશે બપોર પછી દરેકે પોતાની દુકાનો બંધ રાખવા નિર્ણય કર્યો છે. જેમા મેડિકલ સ્ટોર ૨૪ ખુલ્લા રાખવા તથા દૂધની ડેરીઓ સાંજે ૫ થી ૮ ખુલ્લી રાખવી. તેમ વેપારી મહામંડળ અમરેલી તથા ડિસ્ટ્રીકટ ચેમ્બરઓફ કોમર્સ અમરેલી દ્વારા એક યાદીમાં જણાવ્યું છે.

# હનુમાન જયંતિએ સંધ્યા સમયે સુંદરકાંડનો પાઠ કરવો ઉત્તમ ગણાય છે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૨૬



હનુમાન જયંતિ ઉજવવામાં આવશે. આ દિવસે હનુમાનજીની પૂજા કરવાનું વિશેષ મહત્વ હોય છે. કહેવાય છે કે આ દિવસે ભગવાન હનુમાનની શ્રદ્ધાથી પૂજા કરવામાં આવે તો જીવનના દરેક સંકટ દૂર થઈ જાય છે. હનુમાનજીની પૂજા લાલ સિંદૂરથી કરવામાં આવે તો દરેક કામ સફળતાપૂર્વક પાર પડે છે. હનુમાનજીની પૂજા કરવાથી શનિનો પ્રકોપ દૂર થાય છે. દર મંગળવાર અને શનિવારના રોજ હનુમાન ચાલીસાનો પાઠ કરવો જોઈએ . તેનાથી શનિ કૃપા પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત જીવનમાં જો ધનની ખામી હોય તો તે પણ દૂર થાય છે. હનુમાન જયંતીનું વ્રત કરવા માટે કેટલાક નિયમોનું પાલન કરવું જોઈએ.

સવારે બ્રહ્મ મુહૂર્તમાં જાગી અને ભગવાન શ્રીરામ, માતા સીતા અને હનુમાનજીનું સ્મરણ કરી વ્રત કરવાનો સંકલ્પ કરવો. આ દિવસે હનુમાનજીને જનોઈ અને સિંદૂર ખાસ ચઢાવવા પૂજા કર્યા બાદ હનુમાન ચાલીસા અને બજરંગ બાણનો પાઠ કરવો. હનુમાનજીની આરતી કરવી અને ભોગ ધરાવવો. આ દિવસે સંધ્યા સમયે સુંદરકાંડનો પાઠ કરવો પણ ઉત્તમ ગણાય છે. આ દિવસે પ્રસાદ તરીકે ભગવાનને ગોળ અથવા ચણાના લોટના લાડૂ ચઢાવી શકાય છે. આ રીતે પૂજા કરવાથી હનુમાનજી પ્રસન્ન થાય છે અને મનોકામના પૂર્તિના આશીર્વાદ આપે છે.

જાહેર જનતાને તેમનાં દ્વારા ખાસ જણાવવામાં આવે છે કે આ સમયે સંકટમોચન હનુમાન દાદા નાં હનુમાન ચાલીસા સવારે ૮:૩૦ વાગ્યે ૭ વખત તથા રાત્રે ૯:૦૦ વાગ્યે ૭ વખત પરીવાર ના સભ્યો સાથે બેસીને મોટે અવાજે એકી સાથે બોલવાથી વાતાવરણમાં હકારાત્મક વાઈબ્રેશન ફેલાતા ઘણો જ ફાયદો આપે છે.

**સંકલનઃ દિનેશભાઈ સવસાણી**

